ICE®

MIND MAP

# ભારતની ભૂગોળ

MIND MAP 14

## પ્રાકૃતિક વનસ્પતિનું વર્ગીકરણ

### પ્રાકૃતિક વનસ્પતિના પ્રકારો

- ઉષ્ણકટિબંધીય સદાબહાર વન
- ઉષ્ણકટિબંધીય ભેજવાળા ચોમાસુ વન
- ઉષ્ણકટિબંધીય શુષ્ક ચોમાસુ વન
- કાંટાળા વન
- પર્વતીય વન
- ડેલ્ટાવન - મેન્ગ્રુવ વનસ્પતિ : ચેર

➤ વનસ્પતિઓના પ્રકાર, જળવાયુ તથા પારિસ્થિતિકીના આધાર પર ભારતીય પ્રાકૃતિક વનસ્પતિને નિમ્ન રૂપમાં વર્ગીકૃત કરે છે.

## ❋ ઉષ્ણકટિબંધીય સદાબહાર વન

➤ 200 સે.મી. થી વધારે વરસાદ ધરાવતા ક્ષેત્રોમાં આ પ્રકારના વન જોવા મળે છે.

➤ આ વનોનું મુખ્ય ક્ષેત્ર સહ્યાદ્રિ (પશ્ચિમ ઘાટી)નો પશ્ચિમ ભાગ, શિલોંગ પઠાર (ઉત્તર પૂર્વ ભારત) અને આંદામાન નિકોબાર તથા લક્ષદ્વીપ ટાપુઓ છે.

➤ ઉત્તર સહ્યાદ્રિ ક્ષેત્રોમાં આ વનને "**સાલસ**" નામથી ઓળખવામાં આવે છે.

➤ આ વનોમાં સામાન્ય રીતે વર્ષ દરમિયાન તાપમાન ઊંચું રહે છે.

➤ આ વનમાં **મહોગની, વાંસ, અબનુસ, બેત, સીંકોના, સીસમ, રબર, નાળિયેરી** વગેરે જોવા મળે છે.

➤ આ વન મસાલાના બગીચાઓ માટે પણ વધારે મહત્વપૂર્ણ છે.

## ❋ ઉષ્ણકટિયબંધીય ભેજવાળા ચોમાસુ વન

➤ આ પ્રકારના વનને **પાનખરના વન** પણ કહે છે.

➤ 100 થી 200 સે.મી. વરસાદ વાળા ક્ષેત્રમાં આ પ્રકારના વન જોવા મળે છે.

➤ આ વન હિમાલયની તળેટી, પ્રાયદ્વિપીયનનો ઉત્તર–પૂર્વ પઠારી ભાગ, બિહાર, પશ્ચિમ બંગાળ તથા ઓરિસ્સામાં જોવા મળે છે.

➤ અહીં **સાગ, સીસમ, મહુડો, વાંસ, ખેર, ત્રિફળા, ચંદન** વગેરે જેવા વૃક્ષો જોવા મળે છે.

## ❋ ઉષ્ણકટિબંધીય શુષ્ક ચોમાસુ વન

➤ આ વનસ્પતિઓ 60 થી 100 સે.મી. વરસાદ ધરાવતા ક્ષેત્રમાં જોવા મળે છે. અહીં મહુડો, પલાશ, આમળા, કીકર વગેરે વૃક્ષો જોવા મળે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ આ વનસ્પતિ મુખ્યત્વે પશ્ચિમી મધ્યપ્રદેશ, દક્ષિણ–પશ્ચિમ ઉત્તર પ્રદેશ, ઉત્તર પ્રદેશ, ઉત્તર ગુજરાત તથા પૂર્વ રાજસ્થાનમાં જોવા મળે છે.

## ❋ કાંટાળા વન

➤ આ પ્રકારના ગુજરાત–રાજસ્થાન–પંજાબ ભાગમાં જોવા મળે છે. જ્યાં વાર્ષિક વરસાદ 60 સે.મી.થી ઓછી હોય છે.

➤ મધ્યપ્રદેશના ઈન્દોર તથા આન્ધ્રપ્રદેશના કુર્નુલ પહાડી ક્ષેત્રમાં આ વન જોવા મળે છે. અહીં બાવળ, ખેર, ખજૂર, બોર, નાગફણી વગેરે વનસ્પતિ જોવા મળે છે.

## ❋ પર્વતીય વન

➤ આ ક્ષેત્રમાં ઊંચાઈ વધવાની સાથે ઉષ્ણકટિબંધીયથી લઈને અલ્પાઈન પ્રકારની વનસ્પતિ જોવા મળે છે.

➤ 1500 મીટરની ઊંચાઈ સુધી પાનખર વન જોવા મળે છે અને 1500 થી 3500 મીટરની ઊંચાઈ સુધી કોણીય સદાબહાર વન જોવા મળે છે. આ વૃક્ષોનું લાકડુ નરમ હોય છે.

➤ અહીં દેવદાર, સ્પુસ, સિલ્વર ફર તથા ચીડ વગેરે જેવી વનસ્પતિઓ જોવા મળે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ❊ ડેલ્ટાવન (મેન્ગ્રુવ/ચેર વન)

- ➢ નદીઓનું તાજુ પાણી સમુદ્રને જ્યાં મળે છે, ત્યાં દલદલીય ક્ષેત્ર બને છે. આ ક્ષેત્રમાં મેન્ગ્રુવ વનનો વિકાસ થાય છે.
- ➢ ભારતમાં બંગાળના સુંદરવનના મેન્ગ્રુવ જંગલ વિશ્વ પ્રસિદ્ધ છે. તેના મૂળ કાદવ–કિચડમાંથી જમીન તરફ ફેલાય છે.
- ➢ ઓકિસનિયા નામની વનસ્પતિને ત્રણ મીટર લાંબા છોડમાં હજારો મૂળ હોય છે.
- ➢ વિશ્વમાં કુલ જમીન વિસ્તારના 7% જમીન વિસ્તાર પર મેન્ગ્રુવ છે.
- ➢ મેન્ગ્રુવ ભારતમાં સૌથી વધારે પશ્ચિમ બંગાળમાં જેના પછી બીજા ક્રમે ગુજરાત અને ત્રીજા ક્રમે આંધ્રપ્રદેશમાં આવેલ છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS


